પત્રિકામાળા નં. ૧૭-૧૮.

એશિયાનો પ્રભાતકાળ.

પ્રકાશક:—

કરસનદાસ જ. ચીતલીયા,

ભગિની સમાજ મંદિર

હિન્દ સેવક સમાજ

ગિરગામ

મુંબઈ.

ઓક્ટોબર ૧૯૨૧.

કિંમત ૦-૨-૦

નિવેદન.

આ પત્રિકામાં નવજીવનમાંથી તંત્રીની પરવાનગીથી કેટલાક ઉપયોગી વિષયોની સમયાનુકુલ ચુંટણી કરી છે. આ વિષયો અત્યારે તો ખાસ મનન કરવા લાયક હોવાથી વાંચનાર તે ફરી ફરીને વાંચશે, વિચારશે, ને બીજાંઓને વંચાવશે, એવી ઉમેદ છે.

અનુક્રમણિકા.

એશિયાનો પ્રભાતકાળ.

મહાયુદ્ધની તમ્મર ખાઇને નીચે પડેલાં યૂરોપીયન રાષ્ટ્રોને 'જવાદો આ મિથ્યા પ્રયત્ન. સમાજની ફરી નવી રચના કરો અને નવજીવનમાં પ્રવેશ કરો.' એવો પોતાનો સંદેશો સંભળાવીને મહાશય પૉલ રિશાર એશિયા તરફ વળ્યા છે. મહાયુદ્ધને અંતે રાષ્ટ્રસંઘની સભા મળી તેમાં જપાની રાષ્ટ્રને સ્થાન મળ્યું હતું. હિંદુસ્તાન સરકારને પણ મળ્યું હતું. દુનિયામાં આત્મ નિર્ણય અને પ્રજાસત્તાનો યુગ પ્રવર્તાવવાનો આ સંઘનો ઉદ્દેશ હતો. જપાને જોયું કે આત્મનિર્ણય અને પ્રજાસત્તા ત્યારે અમલમાં આવે જ્યારે રાષ્ટ્રસંઘ અગર તો દુનિયાંનાં પ્રબળ રાષ્ટ્રો બધા માનવવંશોની સમતા સ્વીકારે. પોતાનાં ચૌદ તત્ત્વોથી 'હું સત્યયુગ પ્રવર્તાવીશ' એવો જેમ રાષ્ટ્રાધ્યક્ષ વિલ્સનને ભ્રમ થયો હતો તેજ રીતે એવો સત્યયુગ પ્રવર્ત્યો છે એવી ભ્રમણામાં જપાન પડ્યું હતું. યૂરોપીયન રાષ્ટ્રોએ માનવવંશોની સમતાનો જપાનનો ઠરાવ ફગાવી દઇ જપાનની આ ભ્રમણા તરતજ દૂર કરી. આ પ્રસંગને ઉદ્દેશીને બે વરસ ઉપર મહાશય પૉલ રિશારે ટોકિઓમાં એક ભાષણ આપ્યું હતું. સમતા, સ્વાધીનતા અને બંધુતા આ ફ્રેન્ચ આદર્શો હોઈ જપાનના ઠરાવ વિષે મહાશય પૉલના મનમાં સહાનુભૂતિ હોય એ સ્વાભાવિક હતું. તેઓ જપાનને કહે છે:—

શું તમને એમ લાગે છે કે રાષ્ટ્રસંઘમાં એક ઠરાવ કરવાથી યુરોપનાં રાષ્ટ્રોનાં અભિમાન અને અજ્ઞાન નાશ પામશે? જે મૂર્ખાઇથી માણસ અન્યાય કરવા પ્રવૃત્ત થાય છે તે મૂર્ખાઇ તે એક શબ્દ ઉચ્ચારીને દૂર કરી શકશે? તમારૂં ધ્યેય તેમના લાભની આડે આવે તો શું તેની કાળજી

કાડીની પણ તેઓ પરવા કરવાના હતા ? તેમનો ધર્મ તો પોતાના સ્વાર્થને ધર્મનો ઢોળ ચઢાવવામાં, પોતાના અહંકારને આદર્શનું નામ આપવામાં રહ્યો. તમે યુરોપ પાસેથી શું માગો છો ? યુરોપ પાસે આજે જે વસ્તુ નથી તેજ—એટલે કે **નવજીવન.** યુરોપની પાસેથી આજે કશી આશા ન રાખો. યુરોપને વૈરાગ થાઓ, યુરોપનો પુનર્જન્મ થાઓ એટલું જ ઇચ્છો. યુરોપને આજે ઉગારવાની જરૂર છે. પ્રેમનું વાતાવરણ ઉભું કરી ત્યાં મચેલી દ્વેષની જાદવાસ્થળીમાંથી આજે યુરોપને ઉગારવું જોઇએ. આત્મજ્યોતિ પ્રગટાવી તેને અંધકારમાંથી ઉગારવું જોઇએ અને મૃત્યુમાંથી એનું પુનરૂત્થાન કરવું જોઇએ. જૂનું યુરોપ—ખાનદાન યુરોપ કે'દહાડાનુંયે પંચતત્ત્વને પામ્યું છે. પોતાના પાપ નીચે તે કયારનુંયે દટાઈ ગયું છે. અને નવું યુરોપ હજુ જન્મ્યું નથી. તે રાહ જોઈ રહ્યું છે. એશિયાની રાહ જોઈ રહ્યું છે. કારણ કે હમેશાં એશિયા પાસેથીજ યુરોપને નવજીવન મળ્યું છે. હમેશાં એશિયાજ જગત ઉદ્ધારક બનેલું છે. માટેજ હું યુરોપનો પુત્ર તમને પ્રાર્થના કરૂં છું કે તમે એશિયાને જગાડો. જગાડીને એક કરો. એશિયાનાં બધાં રાષ્ટ્રોને સંઘટિત કરો. તેમના શેઠ ન બનો; ભાઈ બનો. એશિયાનો રાષ્ટ્રસંઘ બનાવો. તેમનું કુટુંબ બનાવો. આ બધું કરવા માટે એશિયામાં એકજ પ્રાણ સંચરવો જોઇએ. એકજ આત્મા બધામાં વસે છે એનો તમને સાક્ષાત્કાર થાય ત્યારેજ તમે એ બધું કરી શકો. યુરોપે એશિયાને લૂંટયું છે પણ યુરોપ એશિયાનો આ આત્મા લૂંટી શકયું નથી. '**सर्वं खल्विदं ब्रह्म**' નો સિદ્ધાંત એશિયાએ શોધી કહાડયો છે અને તેમાંજ એશિયાની મહત્તા રહેલી છે. યુરોપની મહત્તા, યુરોપનું સામર્થ્ય વિજ્ઞાનમાં છે; પણ વિજ્ઞાનનું સામર્થ્ય અલ્પજીવી હોય છે. થોડા દિવસ સુધી આબાદી અને જાહોજલાલી અને પછી સર્વનાશ એ એનો ઇતિહાસ છે. એશિયાનું સામર્થ્ય તેના અધ્યાત્મિક જ્ઞાનમાં છે. એ સામર્થ્ય ચિરંજીવી છે અને તે વડે સર્વત્ર સનાતન શાંતિ ફેલાય છે. આ

ઐક્ય અને શાંતિના પાયા ઉપર ઉપરજ નવી દુનિયા રચાશે. કેટલાક આજના વિજેતાઓ જોરના પાયા ઉપર તે બાંધવા માગે છે. જોરની અસમતા ઉપર નવી દુનિયાં ચણવા માગે છે. મ્હોડેથી જ્યારે તેઓ શાંતિપાઠ ઉચ્ચારે છે ત્યારે બધા યુદ્ધદેવતાઓ જાગૃત થાય છે કેમકે શાંતિને નામે તેમને આખી દુનિયા ઉપર જોરનો દોર ચલાવવો છે. અને હવે જુઓ, ત્યાં આના જવાબમાં કેવી રીતે ત્યાંના ગરીબ પોતાનો દોર ચલાવવા માગે છે. ત્યાં અમીર સામે ગરીબ થયા છે, રાજાનો વિરોધ પ્રજા કરી રહી છે, કેમકે બન્ને જોરથી સમતાનું સ્વર્ગ કબજે કરવા માગે છે. તેમનું અનુકરણ કરવાની તમને શા માટે જરૂર ભાસે છે ! તેમને નવો પાઠ શીખવો. શાંતિ અને બંધુભાવનું સામ્રાજ્ય પ્રેમના પાયા પરજ—સર્વ જીવ, સર્વ જાતિ, સર્વ વંશ, સર્વ રાષ્ટ્રો અને સર્વ દુનિયાંઓમાં એકજ ઇશ્વરી તત્ત્વ રહેલું છે એ ભાવનાના પાયા પરજ—સ્થાપિત થઇ શકે. આ પાયા ઉપર—આ ચોતરા ઉપર—આવતી કાલની સંસ્કૃતિ—એશિયાની સંસ્કૃતિને ચણો. જેમાં ખાનદાનીને, ઉદારતાને, આર્યત્વને દેશવટો નથી એવી સાચી સમતાને ચણો. જેમાં સુંદરતાને બાધ ન આવે એવી ન્યાયની ઇમારત ચણો. પૃથ્વી અને સ્વર્ગને એક કરનાર ઇશ્વરી સામ્રાજ્ય જ્યાં વસી શકે એવી લોકસત્તા સ્થાપો. અસમતા અને ભેદાભેદ દુનિયામાંથી નાબુદ કરવાનો આજ માર્ગ છે. **एष पन्था । एतत्कर्म । नान्यः पन्था विद्यतेऽयनाम ।** ”

× × × × ×

ભવિષ્ય તરફ જુઓ. કેમકે દુનિયાની કાયા પલટ થવાની છે. બધી પ્રજાઓ નવું રૂપ ધારણ કરશે. જે બદલાતા નથી તેમને મરવું પડે છે. ભૂતકાળમાં શું ખોળ્યાં કરો છો ? ત્યાં તો બધા અન્યાય અને ખંડેરો ફેલાયેલાં છે. તમે આદર્શને ખોળો છો ? ત્યાં તો બધો સ્વાર્થ પથરાએલો છે. ભૂતકાળને વિનાશની રાત્રોમાં અદૃષ્ય થવા દો; ભવિષ્યની ચિંતા કરો.

ભવિષ્ય તે ભૂતની સુધારણા છે. ભૂતકાળના ડાઘા સાફ કરવાને ભવિષ્ય કાળ મળેલો છે. તમારા કરતાં દુર્બળ અને ગરીબ લોકોને એવું કશું ન કરો જે ભવિષ્યકાળને આવીને ધોવું પડે. ભવિષ્યકાળ જુલમખોરની સામે થાય છે. જુલમખોર પોતાની સજાનાં બીજ ભવિષ્યકાળની ભૂમીમાં છાંટે છે. યૂરોપની પ્રજા ખ્રિસ્તને પૂજે છે. ખ્રિસ્ત એશિયાનો પુત્ર હતો. આજે જો ઇશુ યૂરોપ અમેરિકા જઈ ચડે તો તેની પાસે કાયદા મુજબ અમુક ડૉલર નથી એટલા માટે તેને હાંકી કહાડશે. ઑસ્ટ્રેલિયામાં જઈ ચડે તો અંગ્રેજી ભાષાની પરિક્ષામાં પાસ ન થઈ શકે એટલા માટે ઉતરવા ન દે અને દક્ષિણ આફ્રિકામાં ત્યાંના ખ્રિસ્તી યૂરોપીઅનો ટ્રામમાં તેની આભડછેટ માને ! આને તેઓ સુધારો કહે છે ! ! જંગલીઓનો સુધારો ! ! !

અહંકાર જેવી બીજી મૂર્ખતા નથી અને અજ્ઞાન જેવો બીજો અહંકાર નથી. તમે પૂર્વના લોકો જ્યારે પાશ્ચાત્ય લોકોને ધિક્કારતા ત્યારે તમે જંગલી હતા. આજે પાશ્ચાત્ય લોકો તમને ધિક્કારીને પોતાનું જંગલીપણું સિદ્ધ કરે છે. એશિયા એ યૂરોપની માતા છે. તેનો અનાદર કરવાનું યુરોપ છોડી દેશે ત્યારેજ તે સુધરશે. યૂરોપનો વર્ણદોષ એ માનવ જાતિનો તિરસ્કાર છે. રાષ્ટ્રસંઘમાંથી તમે ઉઠી ગયા હોત તો યૂરોપી રાષ્ટ્રો ચોંકી ગયાં હોત. પણ તમે ભૂલતા નહિ કે તેમનો રાષ્ટ્રસંઘ ઘેટાંનું ચામડું ઓઢેલા વરૂઓનો સંઘ છે. જ્યાં સુધી હૃદય નથી પલટાયું ત્યાં સુધી રાષ્ટ્રસંઘ જેવી સુંદર સંસ્થા ઉભી કરીને પણ શું દહાડો વળવાનો હતો ? રશિયાના ઝારે સ્થાપેલા હેગના શાંતિમંદિરની નવી આવૃત્તિ બનશે એટલુંજ. હેગનું શાંતિમંદિરજ આ મહાયુદ્ધનું નિમિત્ત થઈ પડ્યું ને ? પણ રાષ્ટ્રસંઘ જોડે અસહકાર કરવો એટલુંજ બસ નથી. વર્ણ, વંશ અને ભાષાનાં ભેદ છોડી દઈને દુનીયાની બધી પ્રજાઓ જોડે સહકાર કરો.

એશિયાનાં રાષ્ટ્રોને એક કરો. એશિયાનાં રાષ્ટ્રો હવે સ્વતંત્ર થવાંજ જોઇએ. જ્યાં સૂધી આપણા પડોશી ગુલામીમાં છે ત્યાં સૂધી આપણે કોઈ સ્વતંત્ર નથી. જ્યાં સૂધી એક પણ ગુલામ દુનિયામાં વસે છે ત્યાં સૂધી કોઈજ ખરો સ્વતંત્ર નથી. તમે ઇજ્જત અને મોભો માગતા હો તો તે પ્રથમ બીજાને માટે મેળવો. બધા સ્વતંત્ર થાય એટલા માટે તમારા દાસોને મુકત કરી તમે પોતે મુકત બનો. બીજાને બદ્ધ રાખવામાંજ આપણે બદ્ધ છીએ. એશિયાનો ઉદ્ધાર કરો ત્યારેજ તમારો ઉદ્ધાર છે. અને દુનિયાનો પણ ઉદ્ધાર થવાનો છે. કેમકે એશિયાજ દુનિયાનું હૃદય છે.

× × × ×

દુન્યવી વસ્તુઓના મોહથી પ્રજાનો વિનાશ થાય છે. ધનલાલસાથી સત્યાનાશ વળે છે. પશુબળનું અભિમાન મોતના મોઢામાં દોરી જનારૂં છે. આ ચાર વરસ સૂધી તમે મહાયુદ્ધનું ભીષણ નાટક જોયું છે. એ મહાભારત ખૂનરેજીને અંતે વીસ પ્રજાઓ ચગદાઈ ગઈ છે અને એક આખી સંસ્કૃતિ, એક આખી દુનિયાં વિનાશની લગોલગ આવી ગઈ છે. આંમાથી બોધ લ્યો. એક શબ્દમાં આ બોધ કહી શકાય તેમ છે. '**ધ્યેય**' '**આદર્શ**'–**આદર્શને અનુસરો.** આદર્શનો રસ્તો એજ એક સાચો રસ્તો છે. વહેવારૂ છે, ખાત્રીલાયક છે. માટે ઉચ્ચ મહેચ્છાઓ રાખો. એશિયાની નવી સંસ્કૃતિ ઉભી કરો. કેમકે યૂરોપીય સંસ્કૃતિ તો હવે ભાંગીજ સમજો. તમારે હવે એક **આદર્શ સમાજ** રચી બતાવવો પડશે. રાજા અને પ્રજા જ્યારે ધર્મનિષ્ઠ થાય, ઇશ્વર પરાયણ થાય ત્યારેજ બન્ને વચ્ચેનો વિરોધ મટી શકે છે. આદર્શ પ્રજા બનીને રાજા પ્રજાની એકતા સિદ્ધ કરી બતાવો. રાજા જો વિષ્ણુનો અવતાર હોય તો પ્રજા પણ વિરાટ પુરૂષનું સ્વરૂપ છે. રાજા જો '**एकमेवाद्वितीयम**' તો પ્રજા '**सर्वं खल्विदं ब्रह्म**' છે. અને સાચી લોકસત્તા એ સાચું 'ટેનો' નું

સામ્રાજ્ય છે. અને સાચું ઇશ્વરી સામ્રાજ્ય છે. રાજા અને પ્રજા એ ‘ટેનો’ નાં બે અંગ છે. તમે શોગન સરકારોની સત્તા કહાડી નાંખી પણ તે શોગન હવે નારિકિન (મૂડીવાળા) નું રૂપ લઈ તમારી ઉપર રાજ્ય કરી રહ્યા છે. યૂરોપનો ઇતિહાસ પોકારીને–પોક મૂકીને–કહે છે કે મૂડીવાળાઓના રાજ્ય પાછળ દેવાળું અને દુકાળ પીરસીજ મૂકેલાં છે. રશિયાનો ઇતિહાસ પણ કહે છે કે કોટિપતિઓની પાછળ કંગાળોનું સામ્રાજ્ય આવવાનુંજ. તમારા દેશમાં રાજા પ્રજાનું ઐક્ય સાધ્યા પછી ચીન તરફ વળો. ચીનના અત્યારે જે ભાગલા પડ્યા છે તે સાંધી દો. બન્નેનો આત્મા એક થવો જોઇએ. કાલે એશિયાની પ્રજાઓ સ્વતંત્ર થશે કેમકે સ્વતંત્રતાદેવીએ આ મૂલોક ઉપર હવે વિચરવા માંડયું છે. સવાલ એટલોજ છે કે તમારો દેશ એશિયાની પ્રજાનો ઉદ્ધારક થશે કે બીજાની પેઠેજ તમારા પણ પંજામાંથી એશિયાની પ્રજાઓનો ઉદ્ધાર કરવો પડવાનો ! કાલે એશિયાની પ્રજાઓ એક થશે. સવાલ એટલાજ છે કે જપાન તેમને એક કરશે કે જપાનની મદદ સિવાય અને કદાચ જપાનનો વિરોધ માથે લઇને પણ એશિયાને એક થવું પડશે. બે વરસ ઉપર તમારા દેશને મ્હેં કહેલું કે ચીનને શીંગટી પાછું આપો. હજી તેમ થયું નથી. આજે તમને કહું છું કે કોરિયાને મુક્ત કરો. એશિયાનો વિશ્વાસ મેળવો એટલે એશિયા ઉપર તમને નૈતિક સામ્રાજ્ય મળશે. ભવિષ્યનો વિજય મુકુટ પહેરવો હોય તો તમારે આજે એટલી કિંમત આપ્યેજ છૂટકો. જેમ ઢીલ કરશો તેમ તેની કિંમત વધતી જશે અને સિદ્ધિ મોંઘી પડશે. આ મહાન લાભને ખાતર ક્ષુદ્ર વિચારોને ત્યાગો. આટલું કરશો ત્યારે પાયો તૈયાર થયો ગણાશે. પછી તમે અધ્યાત્મિક સામ્રાજ્યના વીર અને વિજેતા બનશો, પોતાના આચરણથીજ દુનિયાને ઉપદેશનાર ધર્મપ્રવર્તક તમે બનશો.

કેટલાક તમને સૂચવે છે કે પરદેશના ધર્મપ્રવર્તકોને તમારા દેશમાં ન આવવા દો. હું કહું છું એમ કરતા નહિ. જેમ દરેક રાષ્ટ્રના એલચીઓ એકબીજાના પ્રજાકીય દરબારમાં રહે તેમ તમારા પ્રવર્તકોને તમારા બૌદ્ધ, શિન્તો, કન્ફ્યુશિઅન કે ટાઓઈ ધર્મ પ્રવર્તકોને પણ દેશદેશાંતરોમાં મોકલો અને તમારો પ્રેમધર્મ, પિતૃપૂજાનો ધર્મ, વિશ્વાત્મૈકયનો ધર્મ દુનિયાને શીખવો. દયામય પ્રભુને નામે જે ધર્મોએ દુનિયાને દ્વેષ અને ભીતિથી ભરી દીધી છે તેને શીખવો કે સર્વ પ્રાણીઓમાં અને વસ્તુઓમાં એકજ આત્મતત્ત્વ રહેલું છે અને તેથી બધા લોકોએ અને ધર્મોએ ભાઈ ભાઈ બનીને રહેવું જોઇએ. અગણિત અવતાર ધારણ કરીને અગર તો અનેક પયગમ્બરોને મોકલીને યુગે યુગે જે દુનિયાનો ઉદ્ધાર કરે છે અને મનુષ્યને ઐશ્વર્ય પ્રાપ્ત થાય એ સારૂ પોતાનું ઐશ્વર્ય છોડી જે માનવરૂપે વિચરવા ઉતરે છે **તે ભગવાનનું** નામ લઈ ને બધે વિચરો. કેમકે હવે તેને આવવાનો સમય થયો છે. તેનાં નામનો જયજયકાર કરો.

આ પવિત્ર મંદિરમાં ભવિષ્યની પ્રજાને હુ વંદન કરૂં છું. અને સાથે સાથે તે પ્રજાને દોરનાર તે પ્રજાનો આત્મા, તે પ્રજાના પ્રદીપ એવા ઇશ્વરી પુરૂષને પણ હું વંદન કરૂં છું. **તે આવતી કાલનો પુરૂષ છે.** તેનું વર્ણન કેમ થઈ શકે ? તેનો પૂરતો ખ્યાલ પણ કેમ કરી શકાય ? તે આપણાથી પર છે. પણ તેનો ઇન્કાર પણ કેમ કરી શકાય ? દરેક જમાનાએ તેની રાહ જોઈ છે, દરેક જાતીએ તેની આશા રાખી છે, બધા ધર્મ–સંસ્થાપકોએ અને પયગંબરોએ તેની આગાહી કરી છે. અને બધા સૈકાઓએ તેને માટે તૈયારીઓ કરી છે. ના, હાલનો માણુસ, આજનો માણુસ એ પૃથ્વીનો શ્રેષ્ટ પુત્ર નથી. આધુનિક માણુસ, સુશિક્ષિત માણુસ, હિંસક રાષ્ટ્રોમાં રહેતો માણુસ, મહાયુદ્ધમાં ભાગ લેનાર

માણસ, એ પરમેશ્વરનો પાટવીકુમાર નથી. તે પુરૂષ શ્રેષ્ઠ નથી, તે પુરૂષ વ્યાઘ્ર હશે અથવા વ્યાઘ્ર પુરૂષ હશે. સૃષ્ટિએ અત્યાર સુધીની પોતાની પ્રસવ વેદના એને માટે ખમી નથી.

આવતી કાલનો માણસ તે પુરૂષશ્રેષ્ઠ હજી પ્રગટ થયો નથી પણ તે આવે છે કેમકે આખી દુનિયા તેની રાહ જુએ છે. ધરતી ધ્રુજે છે. દુનિયામાં જે ઉથલપાથલ થાય છે તે તેના આગમનની તૈયારી છે. જ્યારે જ્યારે તે યોગેશ્વર આવે છે ત્યારે ત્યારે તેની પહેલાં વાવાઝોડાં, તોફાન અને ઝંઝાવાત થાય છે તેમજ હૃદયને પવિત્ર કરનાર અગ્નિ પ્રદીપ્ત થાય છે. ત્યાર પછી અને ત્યાર પછીજ નવજીવન ઉત્પન્ન કરનાર પણ સૌમ્યપ્રાણ દુનિયા ઉપર સંચરે છે. તે મહાદેવ, શીવ પણ છે અને રૂદ્ર પણ છે. ભયભીત રાષ્ટ્રો તેનું સ્વાગત કરવાને બદલે તેને નામેજ તેનો વિરોધ કરે છે. પશુ બળથી તેઓ તે વાવાઝોડા ઉપર કાબૂ મેળવવા મથે છે. વિજળીને શાંત કરવા માગે છે અને પંચમહાભૂતના પ્રવાહને સ્તંભિત કરવા માગે છે, મહાસાગરની ભરતીને થોભાવવા માગે છે. તેમને લાગે છે કે આ પૃથ્વિ તેમના અહંકારી સ્વાર્થની તૃપ્તિ ખાતરજ છે. તેઓ જાણતા નથી કે આ જગત પ્રભુને માટે છે. ભવિષ્યના દૈવી પુરૂષને માટે છે. તે ભવિષ્યનો પુરૂષ આપણા જેવો નથી, આપણી કલ્પના પ્રમાણે પણ નથી. આજનો માણસ ગુલામ છે, ભવિષ્યનો પુરૂષ મુક્ત હશે. આજનો માણસ દુર્બળ છે તેથી તે પશુબળની ઇચ્છા રાખે છે, તે કૃપણ છે, તેથી ધનની લાલસા રાખે છે. આવતી કાલનો પુરૂષ તે દૈવી પુરૂષ નિઃશસ્ત્ર હોવા છતાં સમર્થ હશે અને અકિંચન હોવા છતાં સમૃદ્ધ હશે. તે કશું મેળવવા ન જાય કેમકે બધું તેનુંજ છે. તે શકિત કે અધિકારની પાછળ ન પડે કેમકે તે સર્વ શકિતમાન હશે. આજનો માણસ વિજ્ઞાન ઉપર વિશ્વાસ રાખે છે કેમકે તે અજ્ઞાની છે. ભવિષ્યનો માણસ સ્વયંપ્રજ્ઞ

હશે. તેને જ્ઞાનનો સાક્ષાત્કાર થએલો હશે. આજનો માણસ દુન્યવી કાયદાઓ અને નિયમોનું પાલન કરીને પોતાને શુદ્ધ માને છે, આવતી કાલનો દિવ્ય પુરૂષ બાહ્ય બંધનથી મુક્ત હશે. તે શુદ્ધ અંતઃપ્રેરણાના નિયમનેજ વશ હશે. આજના માણુસની ધાર્મિકતા કોઈ પણ એક ધર્મ માનવામાં સમાએલી છે. બધા ધર્મો ભિન્ન ભિન્ન રસ્તાઓ છે. શિખર ઉપર રસ્તો ક્યાંથી હોય? ભવિષ્યના માણુસનો અમુક ધર્મ ન હોય. અથવા તો બધા ધર્મ એનાજ છે કેમકે તેણે ઇશ્વરનો સાક્ષાત્કાર કરેલો હશે. બધા ધર્મનું રહસ્ય એમાં સમાએલું હશે. પ્રકાશમાં તેમજ અંધકારમાં તેનો પ્રવેશ હશે. જેમ પૃથ્વીનો તેમજ સ્વર્ગનો તે વાસી હશે. તે આ દુનિયાનો સ્વામી પણ હશે તેમજ સેવક પણ હશે. આજના માણુસો તેની કલ્પના શા માટે કરો છો? તેનું વર્ણન શા માટે કરો છો? તમેજ આવતી કાલના માણુસ બની જાઓ. તે તમારી પાસેજ છે પણ અદૃશ્ય છે. તમારૂં હૃદય ખોલીને તેને સ્થાન આપો. તે એકજ માણુસમાં પ્રવેશ ન કરે, તે આખા સમાજમાં પણ પ્રવેશ કરવા માગે છે. તેજ તમે થાઓ, અને આ દુનિયા ઉપર તેનું રાજ્ય થાઓ. આ દુનિયામાં કેટલાક અલૌકિક પુરુષ હોય છે. જોવામાં તેઓ સામાન્ય લોકો કરતાં જૂદા દેખાતા નથી પણ મર્ત્ય લોકોમાં તેઓ અમૃતના પુત્રો હોય છે. દુનિયા તેમની કદર કરતી નથી. દુનિયા જે જાણુતી નથી તે તેઓ જાણે છે. દુનિયા જેનો લોભ કરે છે તે તેઓને મળેલું હોય છે કેમકે તેઓ લોભ કરતા નથી. જેની વાસના નષ્ટ થઈ તેને અમર્યાદ સુખ છે. તેઓ એકાન્તમાં રહે છે છતાં તે એકાન્તજ એક મોટી દુનિયા હોય છે. તેઓ જન્મના દરિદ્રી હોય છે અને જન્મના ન હોય તો થોડાજ દિવસમાં દરિદ્રી બની જાય છે છતાં સામ્રાજ્યની દોલત તેમને લલચાવતી નથી. તેમની સંપૂર્ણતા કશાથી પણ વધતી કે ઘટતી નથી. દુનિયાની સંપત્તિ તેમની દરિદ્રી અમીરી બરાબર હોતી નથી. દુનિયાનું દુઃખ તેઓએ

જોએલું હોય છે. અનેક સંકટો અને કષ્ટો તેમણે વેઠેલાં હોય છે છતાં તેમનું હૃદયાકાશ શાંત અને સ્વચ્છ હોય છે. તોફાનમાં પણ તેમના હૃદયને આરામ મળે છે. રણસંગ્રામ ઉપર પણ તે શાંતિનો ઉપભોગ કરે છે. નરકમાં પણ તે ઈશ્વરી પ્રસન્નતાનું કિરણ જુએ છે. આવા અમૃતના પુત્ર દરેક ધર્મમાં છે છતાં તેઓ ધર્મથી પર છે. કેમકે તેઓ શિખર ઉપર આરૂઢ છે. બધા રસ્તાઓ ત્યાંજ ભેળા થાય છે. તેઓ પૃથ્વીને માતૃભાવથી વંદન કરે છે તેથીજ તેઓ સ્વર્ગને જાણે છે. આ પૃથ્વી ઉપર તેઓ સ્વર્ગ આણે છે. ખરેખર પૃથ્વી, મનુષ્ય અને સ્વર્ગ વચ્ચે આડે આવી નથી પણ મનુષ્ય પોતેજ પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે આડે આવે છે. માણસ જેમ કેટલીકવાર પૃથ્વીને નરક બનાવે છે તેમ તે પૃથ્વીને સ્વર્ગ પણ બનાવી શકે છે. ફક્ત માણસનો અહંકાર વચ્ચે આવે છે, અહંકારમાં દુઃખ છે. સ્વર્ગમાં પણ અહંકારને ભાગે દુઃખજ છે. આત્માને સ્વર્ગમાં રહેવું નથી. સ્વર્ગનેજ આત્મામાં લાવવું જોઈએ. સાચો આનંદ સુખદુઃખથી પર છે. ઉપનિષદો કહે છે. **यतो वा इमानी भूतानि जायन्ते येन जातानि जीवन्ति. यत् प्रयन्त्यभि सं विशान्ति तद् विजिज्ञासस्वः आनंदाध्यव खल विमानी जायन्ते आनन्दे न जातानि जीवन्ती आनन्दं प्रयन्त्यमी सं विषति.**

અહંકારની ગ્રન્થી છૂટી જાય એટલે તેઓ મુક્ત થઈને આનંદમાં—અમર્યાદ શુદ્ધ આનંદમાં—પ્રવેશ કરે છે. આ કંઈ સિદ્ધાંત કે મત નથી. તે અનુભવ છે, સાક્ષાત્કાર છે. સર્વકાળ અને સર્વ સ્થળનો અનુભવ છે. બધા અમૃતના પુત્રો એનું ભિન્ન ભિન્ન રીતે વર્ણન કરે છે. કેટલાક બોલતાજ નથી કેમકે તેમને અવર્ણનીય વસ્તુ મળેલી હોય છે.

આવા અમૃતના પુત્રોની શોધમાં હું આખી દુનિયા ફર્યો છું કેમકે તેઓનો ભેગા થવાનો સમય આવ્યો છે. ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં તેઓ

૯૬૨૪

રહે છે છતાં બધામાં એકજ ઇશ્વરી શક્તિ અને ઇશ્વરી આનંદ છે. લોકો અદ્ભુત શક્તિમાં વિશ્વાસ રાખતા નથી પણ આ અમૃતના પુત્રો એક દૃષ્ટિપાતથી જૂની રચના તોડી નાંખે છે. **આવા અમૃતના પુત્રો મને મળ્યા છે. તેમાં કેટલીક સ્ત્રીઓ છે.** આવાઓનો શોધ કરતોજ હું આ દેશમાં આવ્યો છું કેમકે તેમને ભેગા થવાનો સમય આવ્યો છે. જ્યારે તેઓ એકત્ર થશે ત્યારે **પરમેશ્વર** પ્રગટ થશે.

એશિયાએ એક થવું જોઇએ. આમ એક થવામાંજ તેનું ઉજ્જવળ ભવિષ્ય, ઉચ્ચ જીવન અને ઉજ્જવળ સંસ્કૃતિ સમાએલી છે. દરેક રાષ્ટ્રની વિશિષ્ટતા એકત્ર થઇને એશિયાનો આત્મા સંપૂર્ણ થશે જપાનની ભાવના, ચીનની બુદ્ધિમત્તા અને હિંદુસ્તાનની ધાર્મિકતાનો સુંદર મેલાપ થશે અને આ ભવિષ્યના હૃદયમાં એશિયાના સર્વ આદર્શો એકત્ર થશે. સર્વ ધર્મનો સમન્વય ત્યાં થશે. વૈદિક ધર્મ અને શિંટો ધર્મ, બૌદ્ધ ધર્મ અને શાંત થએલા ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મ ત્યાં એકત્રિત થશે કેમકે આ અનેક ધર્મો અનંતની ઉપાસનાના એકજ ધર્મના ભિન્ન ભિન્ન સંપ્રદાયો છે.

(નવજીવન) **પૉલ રિશાર.**

આવતી કાલનો પુરુષ.

[એક મિત્ર તરફથી નીચેનો સંવાદ મળ્યો છે. સુપ્રસિદ્ધ ફ્રેન્ચ દ્રષ્ટા શ્રી. પૉલ રિશારના વિચારો વાચકને જાણવાલાયક થઈ પડશે એમ માની એ સંવાદ નીચે આપીએ છીએઃ— [**તંત્રી......નવજીવન.**]

દુનિઆમાં આજે બધે અશાન્તિ છે. દરેક દેશમાં અનેક પક્ષો પડેલા છે, અને કંઈ ને કંઈ કારણસર જાદવી ચાલે છે. દરેક માણુસને પોતાના પક્ષનું અથવા પોતાના દેશનું અભિમાન હોય છે. શાન્ત વૃત્તિથી આનો વિચાર કરતાં મ્હોંમાંથી નિરાશાના ઉદ્ગાર નીકળે છે. આ 'ક્યાં સુધી ? હે પ્રભુ, આ બધું ક્યાં સુધી ચાલવાનું ?' આ સવાલના જવાબમાં ઈશ્વરે મોકલેલા કેટલાક શાન્તિના ફિરસ્તા કેટલીક વાર મળે છે. તેઓ અમુક દેશના હોતા નથી, અમુક ધર્મના હોતા નથી. ભૂતકાળનો ઇતિહાસ તેમને બાંધતો નથી, વર્તમાન કાળની જાદવી તેમને સ્પર્શ કરતી નથી. દૃષ્ટિ આગળ ચાલતો અન્યાય જોઈને તેઓ દુઃખી થાય છે, પણ ક્રુદ્ધ થતા નથી. તેઓ ગઈ કાલના માણુસ નથી; તેઓ આજના માણુસ નથી તેઓ છે **આવતી કાલના** માણુસ. આજના લોકો તેમને સમજી શકતા નથી. આજની પરિસ્થિતિ ઉપર તેમનો કાબૂ નથી. આજની પ્રવૃત્તિ સાથે તેઓ ભળતા નથી. આવતી કાલ તેમની છે. ભવિષ્યના તેઓ માલીક છે. દુનિઆ જ્યારે આજની પ્રવૃત્તિમાં રચીપચી છે, ત્યારે તેઓ શાન્તિથી, દુનિઆને અજાણ્યાં, ભવિષ્યની સૃષ્ટિ નિર્માણ કરી રહ્યા છે. ૧૬ મા અને ૧૮ મા સૈકામા આપણે માંહોમાંહે લડતા હતા ત્યારે જેમ અંગ્રેજોએ પોતાનું સામ્રાજ્ય ધીમે રહીને જમાવી લીધું તેમજ આ આવતી કાલના લોકો આજની દુનિયાની 'તને ખાઉં કે ત્હારા પાડા-

શીને ખાઉં' ની મચેલી જાદવી વચ્ચે રહ્યાં રહ્યાં આજથીજ એ સર્વ નાશમાંથી માનવજાતિને ઉગારનારા ન્યાય, સમતા, ભ્રાતૃભાવ અને ધર્મના સામ્રાજ્યને સ્થાપવાની તૈયારી કરી રહ્યાં છે.

મહાશય પૉલ રિશાર આવા આવતીકાલના પુરુષોની આગાહી કરી રહ્યા છે, તેઓ ફ્રાન્સના વતની છે. હાલમાં પૉન્ડીચેરીમાં રહે છે. પોતાના જેવા નવયુગના માણસોને ભેગા કરવાને તેઓ દેશદેશાન્તરમાં ફર્યા છે. હિંદુસ્તાનમાં આવીને કોઈ મહાન યોગીને મળવાની તેમની ઉત્કટ ઇચ્છા હતી, અને અકલ્પિત રીતે શ્રીમાન અરવિંદ ઘોષ જોડે પરિચય થઇને તેમની અભિલાષા તૃપ્ત થઇ. તેઓ માને છે કે એશિયાનો ઉષ:કાળ હવે નજીક આવ્યો છે અને થોડાજ દિવસમાં હિંદુસ્તાન, ચીન, જાપાન જેવા પૌરસ્ત્ય રાષ્ટ્રો દુનિઆની આગેવાની કરશે, અશિયાના ઐકયને માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા છે.

થોડાજ દિવસપર '*રાષ્ટ્રોને ઉદ્દેશીને' તેમણે જે ચોપડી બહાર પાડી છે તેમાં તેમણે પોતાના નવયુગની કલ્પના કાવ્યસમી મધુર ભાષામાં ઋષિવાણીની ગંભીરતાથી દુનિઆ આગળ મૂકી છે.† 'એશિયાનો પ્રભાત કાળ' એ એમની નવી કૃતિ છે. અરવિંદ ઘોષને પોતાનું 'આર્ય' માસિક કાઢવાનો આગ્રહ એમણેજ કરેલો અને એમની સલાહથી જાપાનમાં એશિયાઈ ઐકય સાધવા માટે 'એશિયન રિવ્યુ' નીકળવા લાગ્યું છે.

આવા મહાનુભાવની મુલાકાત થવી એ અસાધારણ લ્હાવો છે.

નાગપુરના કૉંગ્રેસનગરમાં એક દિવસ સ્હેજે તેઓ મહાત્મા ગાંધીજીના ઝુંપડીમાં આવી ચડયા. વખત બપોરનો હોવાથી ઘણાખરા મહાસભાના કામમાં રોકાએલા હતા. પરિચયનો ઉપચાર થયા પછી મેં કહ્યું, મહાશય, આપનું 'ટુ ધી નૅશન્સ' વાંચીને હું ભારે ખુશ થયો. મને લાગે

* To the Nations.

† The Dawn of Asia.

છે, કવીન્દ્રના 'નૅશનૅલિઝમ' કરતાં આપના પુસ્તકમાં યુરોપના રોગનું નિદાન અને તેનો ઇલાજ વધારે સ્પષ્ટ શબ્દોમાં બતાવાયો છે.'

તેમણે કહ્યું: ભૂતકાળ ગમે તેટલો સુંદર હોય તો પણ તે તરફ તમે પાછા જઈ શકવાના નથી. આવતી કાલની તૈયારી કરો.

મેં કહ્યું: રવીન્દ્રનાથ રાષ્ટ્ર અને પ્રજા વચ્ચે ભેદ પાડે છે. પણ આપે એની કરેલી મીમાંસા મને વધારે ઠીક લાગે છે. સાચેજ રાષ્ટ્ર એ પ્રજાએજ નિર્માણ કરેલું પૂતળું છે. રાષ્ટ્રીય સ્વાર્થ અને અભિમાનની તે મૂર્ત્તિને તોડવા તૈયાર થાય છે, એટલુંજ.

તેમણે કહ્યુ: વાત સાચી છે. હવે નવી પ્રજા નિર્માણ થવાની છે. જેમ વાનરમાંથી માણુસ નિર્માણ થયો, તેમજ માણુસમાંથી દેવમાણુસ નિર્માણ થવાનો છે. આપણી આગળ જેવાં પશુઓ છે તેવો દેવમાણુસ આગળ સામાન્ય માણસ થશે.

મે કહ્યું: જેમ નિટ્શે (જર્મન તત્ત્વવેત્તા) માને છે કે સુપરમેન, એટલે કે વ્યાઘ્રપુરૂષ, આવવાનો છે, તેમજ આપ પણ શું માનો છો કે દેવમાણુસ આવવાનો છે! બાકી એ હું માની લઉં છું કે નિટ્શેયે કલ્પેલો વ્યાઘ્રપુરૂષ રાક્ષસી છે, જ્યારે આપનો દેવમાણુસ સાત્ત્વિકતાનો અવતાર છે.

એમણે કહ્યું: બરાબર છે. તમને લોકને વિશ્વાસ નહિ આવે, પણ એવો માણુસ આવવાનો તો છેજ. આજે તમે એ સમજી ન શકો, કેમકે તમારી કલ્પનામાં એ ભળે એમ નથી.

મેં કહ્યું: એ વાત ઉપર મારો અવિશ્વાસ નથી. દુનિઆની નિરાશાની સ્થિતિ જોતાં જો કોઈ દેવમાણુસ આવવાનો હોય તો તે આજે જ આવવો જોઇએ એમ મને લાગે છે.

તેમણે કહ્યું: આજની દુનિઆની અશાંતિ એ એક જાતની પ્રસવ-વેદના છે. જૂની વ્યવસ્થા તૂટી ગઈ છે. અત્યાર સુધી મનુષ્ય તર્ક ઉપર ચાલતો હતો, બુદ્ધિને લીધેજ માણુસની ઉન્નતિ અત્યાર સુધી થઈ છે. પણ હવે બુદ્ધિજ એની આગળની ઉન્નતિમાં વિઘ્નરૂપ થવા લાગી છે. પાકેલા ઘડાને જેમ નવો આકાર આપી શકાતો નથી, તેમ બુદ્ધિપ્રધાન, યુક્તિપ્રધાન માણુસ હવેના નવયુગમાં પ્રવેશ કરી શકે એમ નથી કેમકે તેનામાં પ્રાણ ઓછો હોય છે. જે માણુસ અંતઃપ્રેરણાને વધારે મહત્ત્વ આપે છે, જેની અંદર પ્રાણ વધારે છે, બુદ્ધિમાન માણુસને જે કાચો અથવા વિચિત્ર લાગે છે તેનોજ નવયુગ છે. આજે નવયુગનો માણુસ જ્યારે બોલે છે ત્યારે લોકો તેનો વિશ્વાસ કરતા નથી, તેમને તે ગાંડાનાં લવારા જેવું લાગે છે, કેમકે તે આવતી કાલની વાણી બોલે છે.

મેં પૂછ્યું: આવતી કાલની ભાષા કેવી હતી હશે ? આવતીકાલનો માણુસ દુનિઆમાં કેમ વર્તતો હશે ?

તેમણે કહ્યું: તે વર્તતો નથી, પણ તે નિરાગ્રહી થઇને ઈશ્વરને પોતાની મારફત વર્તવા દે છે. તે જાણે છે કે આ દુનિઆનો કુલ એકંદર વ્યવહાર એક ચિત્શક્તિના હાથમાં છે. માણુસે પોતાની ઇચ્છાશક્તિ પોતાનો સંકલ્પ તે ચિત્શક્તિને ચરણે સોંપી દેવે જોઇએ.

મેં કહ્યું: એડવર્ડ કાર્પેન્ટરે પણ એમજ કહેલું છે. પણ આ ઉપદેશ સામાન્ય લોકોને નિર્બળ બનાવે છે, પુરુષાર્થ વિહીન બનાવે છે, અકર્મણ્ય બનાવે છે, એમ આપને નથી લાગતું ? કેમકે તે ઉપદેશ પ્રમાણે માણુસોને પોતે કશું કરવાની જરૂર રહેતીજ નથી. આળસુ માણુસને એ ઉપદેશ ઠીક ફાવશે.

તેમણે જરા ઉત્તેજિત થઇને સામું પૂછ્યું:—શું વ્યક્તિગત ઇચ્છાશક્તિમાં સામર્થ્ય છે એમ તમે માનો છો ? શું શક્તિ કેળવવા વ્યક્તિગત સંકલ્પને કેળવ્યા વગર માણુસનું ચાલેજ નહિ ?

મારી સામે બેઠેલા તે ગંભીર પુરુષની છાતી ફુલીને આકર્ષક થઈ ગઇ. તેમની સફેદ દાઢી તે ગંભીરતાને પોષતી હતી. તેમના દરેક અક્ષરમા શ્રદ્ધા ઉભરાતી હતી. હું મોળો પડ્યો.

મેં કહ્યુંઃ આપની વાત હું સમજી શકું છું. મેં તો સામાન્ય લોકોનીજ દૃષ્ટિ આપની આગળ મૂકી હતી. હું આપ કહો છો તેમ સંકલ્પસંન્યાસમાં માનું છું. અરવિંદ ઘોષ પણ એજ શીખવે છે.

વચમાંજ એક જણે પૂછ્યું: અરવિંદ ઘોષ ક્યારે બહાર આવશે, ?

તેમણે કહ્યું: થોડાજ દિવસમાં. એમની સાધના પૂરી થવા આવી છે.

અરવિંદ ઘોષ વિષે વધારે વાત ચાલી, તેમાં એમણે કહ્યું: અરવિંદ ઘોષ જોડેનો મારો પરિચય અણધારી રીતે થયો. હું જ્યારે પૉન્ડીચેરી આવ્યો ત્યારે હિંદુસ્તાનના કોઇ મહાન યોગીને મળવાને ઇન્તેજાર હતો. મેં એક જણને પૂછ્યું. તેણે મારી વાત હસી કાઢી, પણ મેં કહ્યું, મારી તીવ્ર ઇચ્છા છે એટલે કોઈ મહાન યોગી હોવો તો જોઇએ જ. થોડાજ દહાડામાં ઉત્તરથી આવેલા અરવિંદ ઘોષ મને મળ્યા.

ત્યાર પછી મેં એમને એમના જાપાનના પ્રવાસ વિષે પૂછ્યું. જાપાનના ભવિષ્ય વિષે એમની શ્રદ્ધા અસાધારણ હતી. મેં કહ્યું: જાપાનની હાલની પ્રવૃત્તિ જોઇને જાપાન વિષેનું મારૂં આદર વધતું નથી. શું ત્યાંની 'કોકુયુકાઇ' સંસ્થા આપના વિચારો સાથે મળતી છે? શું જાપાનમાં સામ્રાજ્યમદ ઉત્પન્ન થયો નથી?

તેમણે કહ્યું: જાપાનમાં બે પક્ષ છે. એક પક્ષ સામ્રાજ્યવાદી છે ખરો, પણ બીજો સામ્રાજ્યવાદ છોડીને એશિયામાં બંધુભાવનો પ્રચાર કરવા માગે છે.

મેં વચમાં કહ્યું: અને જાપાન 'મોટાભાઇપણું' ભોગવવા માગે છે.!

એમણે કહ્યું: ના, ના; એ પક્ષ સમતા ચાહે છે.

મેં પૂછ્યું: ત્યારે તમારૂં 'એશિયન રિવ્યુ' શા માટે કોરિયા ઉપરની જાપાનની સત્તાનું સમર્થન કરે છે?

(નવજીવન) પોલ રિશાર.

શુદ્ધ યજ્ઞ

અથવા

મરણ ભયનો ત્યાગ.

સ્વરાજની ઘણી વ્યાખ્યાઓ હું એકઠી કરી રહ્યો છું તેમાં એક એ પણ આવે છે કે. **સ્વરાજ એટલે મરણભયનો ત્યાગ.** જે પ્રજા મરણના ભયથી અકળાય તેનાથી સ્વરાજ ન મેળવી શકાય, ન રાખી શકાય. અંગ્રેજો મરણને ખીસામાં રાખીને ફરે છે; આરબો, પઠાણો મરણને સામાન્ય વ્યાધિની જેમ ગણે છે; સગાંનું મરણ થાય ત્યારે રોતા કકળતા નથી. બોઅર સ્ત્રીઓ મરણભયને જાણતીજ ન હતી. બોઅર લડાઈ વેળાએ હજારો જુવાન બોઅર સ્ત્રીઓ વિધવા થઈ. તેની તેમણે દરકાર ન કરી. ભલે મારો ધણી કે પુત્ર મુઓ પણ મારા દેશની આબરૂ તો રહી, અને જો દેશ ગુલામ બને તો ધણીનું શું કરવું હતું ? ગુલામ છોકરાને ઉછેરવા કરતાં તેના શબને દાટવું ને તેના આત્માનું સ્મરણ કરવું એ જ બસ છે, આમ પોતાના મનને સંતોષીને અસંખ્ય બોઅર ઓરતોયે ધીરજ રાખી પોતાનાં વહાલાંને જતાં કર્યાં.

આ બધા મારે છે ને મરે છે. પણ જેઓ મારતા નથી ને મરે છે તેમનું શું ? તેવાને તો જગત પૂજે છે, તેવાથી દેશ આબાદ થાય છે. ઈંગ્રેજ અને જર્મન બન્ને ઝૂઝયા, બન્નેએ માર માર્યાં ને માર ખાધા. પરિણામ એ આવ્યું છે કે વેર વધ્યાં છે, અશાંતિ વધી છે ને અત્યારે યુરોપની સ્થિતિ દયામણી થઈ પડી છે, પાખંડ વધ્યો છે ને એક બીજાને છેતરવાની પેરવી થઈ રહી છે. પણ જે મરણભયને આપણે છોડવા મથી રહ્યા છીએ એ તો **શુદ્ધ યજ્ઞ** છે અને તેથી આપણે થોડાજ સમયમાં મોટી જીત મેળવવાની આશા રાખીએ છીયે.

જ્યારે આપણને સ્વરાજ મળશે ત્યારે આપણામાં ઘણાયે મરણ-ભય છોડયોજ હશે, અથવા તો સ્વરાજ નહિ મળ્યું હોય. હજુ તો જુવાન છોકરાઓજ ઘણુભાગે મર્યા છે. અલીગઢમાં જેઓ મર્યા તે બધા એકવીસ વર્ષની અંદરના હતા. તેઓને કોઈ જાણતું ન હતું. જો સરકારને હજુ ગોળીબાર કરવાજ હોય તો હું જરૂર પહેલી પંક્તિના કોઈ માણસના ભોગની આશા રાખી બેઠોજ છું

બાળક, જુવાન કે બુઢ્ઢાં મરે તેથી આપણે શાને ભયભીત થઈયે? એક ક્ષણ એવી નથી કે જ્યારે જગતમાં કયાંએ જન્મ અને મરણ થઈ-રહ્યાં નથી. જન્મથી રાજી થવું ને મરણથી ડરવું એમાં ભારે મૂર્ખતા છે એમ આપણને લાગવું જ જોઈએ. જેઓ આત્મવાદી છે—અને આપ-ણામાંનો કોણ હિંદુ, મુસલમાન, પારસી, આત્માના અસ્તિત્વને માનતો નથી?—તે તો જાણે છે કે આત્મા મરતો નથી. એટલુંજ નહિ પણ જેઓ જીવે છે તે ને મૂઆ છે તે બધા જીવો એક જ છે, તેના ગુણો એક છે, તો પછી જગતનો ઉત્પત્તિ લય દરેક ક્ષણે થયાજ કરે છે તેમાં આપણે ખુશી થવાનું શું ને દુઃખી થવાનું યે શું? દેશ લગી આપણી ભાવના જાય ને દેશમાં જન્મ થાય તે બધા આપણે ત્યાં થયા માનીયે તો કેટલા જન્મ ઉજવીયે? દેશમાં મરણ થાય તેને સારૂ રૂદન કરીયે તો આપણી આંખો ભીની જ રહે. આમ વિચારી આપણે—મરણભય છોડવો જ જોઈએ.

હિંદુસ્તાની માત્ર પ્રમાણમાં વધારે જ્ઞાની, વધારે આત્મવાદી હોવાનો દાવો કરે છે. છતાં મરણની આગળ આપણે જેટલા લાચાર બનીએ છીએ તેટલા ભાગ્યેજ બીજા બનતા હશે ને જેટલા લાચાર હિંદુ બને છે તેટલા લાચાર બીજા હિંદુસ્તાની નથી બનતા એમ મને લાગે છે. એક જન્મ થાય તે ઉપર આપણે ધાંધલ કરી મૂકીયે છીયે ને એક મરણ થાય તો તે પાછળ રોકળ કરી આખો પડોશ જગવીયે છીયે.

જો આપણે સ્વરાજ લેવું હોય, ને તે લઇને શોભાવવું હોય તો આપણે મરણનો ભય તદ્દન છોડવો જ જોઇશે.

અને જે મરણનો ભય છોડશે તેને જેલનો ભય તો હોયજ શાને ? વાંચનાર વિચારી જોશે તો તેને માલમ પડશે કે આપણને જે કંઈ ઢીલ સ્વરાજ લેતાં થાય છે તેનું કારણ કેવળ મરણ અને તેનાથી ઉતરતાં દુઃખો સહન કરવાની શક્તિનો આપણામાં અભાવ એજ છે.

જેમ વધારેમાં વધારે નિર્દોષ માણસો જાણીજોઇને મરણની ભેટ કરવા તૈયાર થશે તેમ બીજા બચી જવાના; ને ઓછામાં ઓછું દુઃખ થવાનું. ખુશીથી સહન કરેલું દુઃખ, દુઃખ મટી સુખ થાય છે. જે દુઃખથી ભાગે છે તે રીબાય છે ને દુઃખ આવ્યે અધમૂઓ થઈ જાય છે. જે આનંદપૂર્વક દુઃખની ભેટ કરવા નીકળે છે તેને પ્રથમનું દુઃખના ખ્યાલથી જ નીપજતુ દુઃખ તો હોયજ શાનું ? ને તેનો આનંદ એ ક્લૉરોફૉર્મની ગરજ સારે છે.

આ વિષય ઉપર મારે આ વેળા લખવું પડ્યું છે કેમકે **આપણે આ વર્ષમાંજ સ્વરાજ મેળવવું હોય તો મરણના વિચાર પણ કરી લેવા જોઇયે.** પહેલેથી તૈયારી કરનાર ઘણીવેળા અકસ્માતથી બચી જાય છે તેમ ભલે આપણને બને. **સ્વદેશી** એવી તૈયારી છે એમ મારી દૃઢ માન્યતા છે. સ્વદેશીમાં જીત મળે એટલે આપણી કસોટી કરવાપણું સરકારને કે કોઇને નહિ રહે એમ હું માનું છું.

છતાં આપણે ભૂલમાં ન રહી જઇયે એ પણ જરૂરનું છે. અમલ આંધળો છે ને બહેરો છે. તે પોતાની નજીકના બનાવો જોઇ શકતો નથી. પોતાના કાનમાં પડતા ભણકારા સાંભળી શકતો નથી. એટલે મદથી છવાઇ રહેલી સરકાર શું નહિં કરે એ કહી ન શકાય. તેથી મને લાગ્યું કે દેશસેવકોયે મરણને, જેલને અને એવી ઉપાધિઓને મિત્ર તરીકે વધાવી લેવાની તૈયારી કરી રાખવી જોઇયે.

શુરવીર જેમ મરણુની ભેટ હસતે મુખે કરે છે તેમ સાવધ પણ રહે છે. શાંતિમય યુદ્ધમાં ગફલતને અવકાશ જ નથી. આપણે નીતિ વિરૂદ્ધ ગુન્હા કરીને જેલમાં જવું નથી કે ફાંસીયે ચડવું નથી. આપણે તો સરકારના જુલમી કાયદાઓની સામે થતાં ફાંસીએ ચઢવું છે.

(નવજીવન) **મોહનદાસ કરમચંદ ગાંધી.**

સ્વરાજ્ય એટલે શું ?

'સ્વરાજ્ય' નો ખરો અર્થ—એ છે કે પોતાની ઉપર કાબુ રાખતાં આવડવું. આમ તો તેજ માણુસ કરી શકે કે જે પોતે નીતિ જાળવે છે; છેતરતો નથી; **સત્ય** છોડતો નથી; પોતાનાં માબાપ, પોતાની સ્ત્રી, પોતાનાં છોકરાં, પોતાના નોકર, પોતાના પડોસી એ બધા તરફની **ફરજ** બજાવે છે. આ માણુસ ગમે તે દેશમાં બેઠો સ્વરાજ્ય ભોગવે છે. **જે પ્રજામાં એવા માણુસો ઘણા હોય તેને** (તે દેશને) **સહેજે સ્વરાજ્ય છે.**

હીંદુસ્તાનને **સ્વરાજ્ય** મળો એ બધા હીંદીનો અવાજ છે, ને તે ખરો છે, પણુ તે **નીતિને રસ્તે** મેળવવાનું છે. તે **ખરૂં સ્વરાજ્ય** હોવું જોઇએ. અને તે નાશ કરનારા ઈલાજોથી કે કારખાનાંઓ કરવાથી નહિ મળે. ઉદ્યમ જોઇએ, પણુ તે **ઉદ્યમ ખરે રસ્તે જોઇએ.** હીંદુસ્તાનની ભુમી તે એક વેળા સુવર્ણ ભુમિ ગણાતી. કેમકે હીંદી લોકો સુવર્ણ રૂપે હતા. ભુમિ તો તેની તેજ છે, પણુ માણુસો ફર્યા છે. એટલે તે ભૂમિ વેરાન જેવી થઈ ગઈ છે. તેને પાછી સુવર્ણરૂપ બનાવવાને આપણે સદ્‌ગુણો વડે સુવર્ણ રૂપે થવાનું છે. તેની પારસમણી બે અક્ષરમાં સમાએલી છે અને તે '**સત્ય**' છે. વાસ્તે જો દરેક હીંદી '**સત્ય**' **નોજ** આગ્રહ રાખશે તો હીંદુસ્તાનને ઘેર બેઠાં સ્વરાજ્ય આવશે.

(સર્વોદયમાંથી) **મોહનદાસ કરમચંદ ગાંધીજી.**

પ્રજાઓનું ચારિત્ર.

(૧) સ્વતંત્રતા.

નાની મોટી બધી પ્રજાઓ સ્વતંત્ર હોવી જોઈએ. જે પ્રજા આખી મનુષ્યજાતિ માટે મહાન કાર્યો કરે તેજ પ્રજા મોટી–મહાન ગણી શકાય. અત્યાર સુધી નાની ગણાતી પ્રજાઓ કહેવાતી મોટી પ્રજાઓ કરતાં મહાન કાર્યો કરી બતાવે એ કેવળ બનવા જોગ છે.

દરેક પ્રજાને જીવવાનો હક્ક છે. દરેક પ્રજા સ્વતંત્ર જીવન ગાળવાનેજ સરજાયેલી છે, અને દરેકને પોતાની મરજી મુજબ મંડળો–સમાજો સ્થાપવાનો હક્ક છે. એ પ્રકારે જગતમાં સ્વતંત્રતા પ્રસરે ત્યારેજ પ્રજાના સર્વ હક્કો સહીસલામત રહી શકે. દરેક પ્રજા માટે હક્કો એકસરખાજ છે.

દરેક પ્રજા પોતાની મરજી પ્રમાણે પોતાનો વિકાસ કરવાને સ્વતંત્ર છે. જ્યાં સુધી એક પણ પ્રજાને તેની શક્તિઓમાંની એક શક્તિ પણ ખીલવવામાં બાધ કરવામાં આવે છે ત્યાં સુધી મનુષ્યજાતિ પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરી શકતી નથી. મનુજાતિ પ્રજાઓની બનેલી છે અને એક પ્રજાની એક શક્તિ પણ તેનોજ ભાગ છે.

દરેક પ્રજા પોતાની મરજી પ્રમાણે પોતાનું જીવન ગાળવાને, પોતાના બંધારણો બાંધવાને, તથા જીવન વ્યવસ્થા કરવાને સ્વતંત્ર હોવી જોઇએ. એકતા કાંઈ સમતા નથી. જુદી જુદી જાતનાં બંધારણો માટે આપણે સ્થાન રાખવું પડશે.

દરેક પ્રજા ભલે જીવે. મરજીમાં ફાવે તે પ્રકારે દરેક પ્રજાને તેનું જીવન ગાળવા દો. સ્વેચ્છાથી તેમને સમૂહો અને સમાજો બાંધવા દો. પણ દરેક પ્રજાને તેનાથી વિશાળ, તેની અહંતાથી વિશાળ ભાવનાની સેવા કરવા દો, કે જેથી તે પોતે સ્વાર્થના બંધનમાંથી છુટે–મનુષ્યજાતિની સેવા ઉઠાવે.

(૨) સમાનતા.

હા. બધી પ્રજાઓના હક્કો કેવળ સમાન છે. સત્ય આગળ બધી પ્રજાઓ સરખીજ છે. એ માન્યતાથી જે સમાનતા પ્રજાઓ જાળવશે તે સમાનતા તેમની સ્વતંત્રતાની ખાત્રી આપી શકશે. સુધરેલા સમાજમાં એક માણસને નુકસાન કરવાથી સર્વના હક્ક પર તરાપ મારી ગણાય છે. તેજ પ્રમાણે પ્રજાઓમાં પણ એકને નુકસાન કરવું એ બધાના હક્કો ડુબાવવા જેવું ગણવું જોઈએ. નબળી પ્રજા ઉપર જ્યારે જુલમ થતો હોય ત્યારે બધી પ્રજાઓને ઉપર જણાવ્યું તે પ્રમાણે લાગી આવવું જોઇએ. ન્યાય તો બધાને એક સરખોજ લાગુ પડવો જોઇએ. ન્યાયાસન પાસે નબળામાં નબળી ગરીબ પ્રજાના હક્કો પણ જબરામાં જબરી પ્રજાના હક્કો કરતાં વધારે મજબુત ગણાવા જોઇએ, કારણ કે આપણે જે હક્કો પ્રજાઓમાં જોવા ઇચ્છીએ તેની કીંમત આપણે બળથી નથી આંકી શકતા. બળના કરતાં પણ વધારે ઉચ્ચ એવા ઘણા હક્કો છે, અને કેટલાક એવા હક્ક છે કે જે બળના હક્ક પર કાબુ મૂકે છે.

સુધરેલો માણસ કે સુધરેલી પ્રજા નિર્બળ માણસ કે પ્રજાની ઉપર બળ તો કદી વાપરીજ ન શકે. પોતાનો ન્યાય પોતાનાથી કદી પણ થાય નહિ. ખરો ન્યાય તો સર્વ મળીને સર્વને આપી શકે. બધાનું પંચ મળીને જે નિકાલ કરે તેજ ન્યાય ખરો.

બધા હક્કો સરખા છે, તેથી દરેક પ્રજાના પ્રતિનિધિઓ પણ સરખા પ્રમાણમાં હોવા જોઇએ. જે કાયદાઓથી પ્રજાઓનો ન્યાય કરવામાં આવે, તે કાયદા ઘડવામાં પણ હક્ક સરખો હોવો જોઇએ.

મનુષ્યજાતિના પ્રજાસંઘમાં થોડી પ્રજાઓજ બેસે તે કાંઇ યોગ્ય ન ગણાય. તેમાં તો દુનિયાની બધી પ્રજાઓને બેસવાનો હક્ક છે. જે પ્રજામાં માતૃભાવ હોય, જેમની દાનત સાફ હોય, તે બધી પ્રજાઓને

પ્રજાસંઘમાં સ્થાન મળવું જોઇએ, પછી તે પ્રજા નાની યા મોટી, ગરીબ યા તવંગર, તાબેદાર યા સ્વતંત્ર ભલે હોય. તે પ્રજાસંઘમાં ગુલામ અને શેઠનો ભેદ નહિ રહે. અત્યારે જે પ્રજાઓ રાજ્યકર્તા થઈ પડી છે તેમને બ્હીવાનું કારણ નથી. જો તેમનું રાજ્ય બરાબર ચાલતું હશે; ન્યાયસર હશે તો પછી પોતાનો હક્ક સાબીત કરવાને માટે તેમને જ્ઞાન અને ડહાપણ સિવાય બીજાં હથિઆરોની જરૂર નહિ રહે. **હથિઆરોના કરતાં આત્મબળ વધારે શકિત ધરાવે છે. આત્મબળ એજ સર્વોત્તમ બળ છે,** એ વિચાર ધરાવનારી પ્રજાઓ ભલે હાલ બહુમતિ ન મેળવી શકે. જગતનો ઇતિહાસ જોતાં જણાશે કે થોડા મતવાળાઓ હંમેશાં જગતને દોરતા આવ્યા છે. જ્યાં સુધી તેઓ થોડા છે ત્યાં સુધી તેઓ પ્રજાઓને દોરશે, અને તે પણ ન્યાયને અનુસરીને ચાલશે તોજ, નહિ તો નહિ.

(૩) ભ્રાતૃભાવ.

અન્યોન્યને માટે લાગણી, એક બીજા માટે માન, પરોપકાર વૃત્તિ, જુદી જુદી પ્રજાઓ તો સગી બ્હેનો છે, પૃથ્વી તેમની માતા છે, તેમના ઉપર આવી રહેલું આકાશ ગમે તેટલા જુદા રંગોવળું હોય તો પણ એકજ સૂર્ય તેમના ઉપર આવી તપે છે; ગમે ત્યાં રહ્યા છતાં તેઓ એકજ આદર્શ તરફ ગમન કરી રહી છે. શા માટે તેઓએ એક બીજાનું અસ્તિત્વ ન સ્વીકારવું જોઇએ !

અત્યાર સુધી દેશભક્તિ, સ્વદેશપ્રેમનો અર્થ બીજા દેશો પ્રત્યે અપમાન કે દ્વેષ, કાંઈ નહિ તો બેદરકારી તો ખરી એવો કરવામાં આવતો હતો. પણ આપણી બધાની માતા મનુષ્યજાતિનાં તેઓ જુદાં જુદાં અંગો છે. જે માણસ મનુષ્યજાતિની જીવતી જાગતી મૂર્તિ પોતાની માતૃભૂમિમાં જુએ છે તેજ ખરો સ્વદેશભક્ત છે અને તેજ મૂર્તિ બીજા

દેશમાં તે શા માટે ન જુએ ? બીજા દેશમાં પણ તેને તેજ મૂર્તિ દેખાશે. એવો એક સમય આવશે કે જ્યારે દરેક માણુસ બીજા બધા દેશોને પોતાના દેશને જેટલા પ્રેમથી ચ્હાય છે તેટલા પ્રેમથી ચ્હાશે અને જે દેશમાં તે જશે તે દેશમાં મનુષ્યજાતિનુ કુટુંબ તેને જણાશે. ઘરમાં રહીને પોતાના અતિથિઓનો કેવળ સત્કાર કરવાનું નહિ પણ પોતાના મિત્રને પ્રેમથી ભેટવાનું તે ચૂકશે. નહિ. અને મનુષ્યજાતિ રૂપી માતાના જુદા જુદા ઘરોમાં વસેલા પ્રત્યેની ફરજ તેઓ બજાવશે.

જગતમાં પ્રજાઓ વચ્ચે રહેલા અણુવિશ્વાસનું ચિન્હ–છુપી પોલીસ–તે સમયે હશેજ નહિ. જાણીતા છતાં અજાણ્યા, છેતરવામાં હુશિઆર છતાં છેતરાવામાં કેળવાયલા; ડાહી રીતે સફાઈથી ગાંડુ કામ બજાવનારા માણસોને પ્રજાઓ તે સમયે નહિ રાખે. છુપા વેશમાં દુષ્મનોને બદલે તે સમયે ઉદાર મનના મિત્રો આવ જા કરશે. પ્રજાના ડાહ્યા અને સમજુ સલાહકારો થઈ રહેશે. અને બધાનું ભલું કરવામાં તેઓ રોકાયલા હશે. દરેક પ્રજામાં તેમનો મરતબો ઘણો ઉચ્ચ ગણાશે.

શું આ બધી વાત શેખસલ્લીના સ્વપ્ના જેવી તમને લાગે છે ? દુનિઆની બધી સુધરેલી કહેવાતી પ્રજાઓને માણુસાઇથી વર્તવા માટે કહેવું શું તમને વિશેષ લાગે છે ? સુધરેલો માણુસ જે સિદ્ધાન્તોને અમલમાં મૂકે છે તે સિદ્ધાન્તો પ્રમાણે પ્રજાએ વર્તન કરવું એ શું વધારે પડતું લાગે છે ? પ્રજાઓએ અન્યોન્ય જંગલાપણામાંથી છુટવું એ શું બહુ મુશ્કેલ વાત છે ?

સ્વતંત્રા, સમાનતા અને ભ્રાતૃભાવના સિદ્ધાન્તોનો જો ત્યાગ કરીએ તો અત્યારની પ્રજાઓ ભવિષ્યમાં કાંઈપણ કાર્ય કરી શકવાની નથી–

"જગતની પ્રજાઓને" **પૉલ રિચાર્ડ.**

બે પંખી.

[નીચેની કવિતા કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના સુપ્રસિદ્ધ બંગાળીનું ગુજરાતી ભાષાન્તર છેઃ—]

પાંજરાનું પંખી રહેતું સોનાના પિંજરમાંજી,
વનવગડાનું પંખી રહેતું સુંદર મનહર વનમાંજી;
એક દિવસ બન્ને પંખીડા હળયાં મળયાં ને બોલ્યાંજી,
રામ તણી મરજીથી ભેટયાં, દિલ આગળ દિલ ખોલ્યાંજી.
વનનું પંખી બોલ્યું; 'સાંભળ પિંજરનાં ઓ પંખીજી!
ચાલો વનમાં ઉડી જઇએ, વનમાં ઝાઝાં પંખીજી.'
પાંજરાનું પંખી બોલ્યું. 'વનના પંખી વહાલાંજી!
આવ પડયાં રહીએ પિંજર; શા દોડા કરવા ઠાલાજી?'
વનવગડાનું પંખી કહેઃ 'ના એ તો ખોટી વાતોજી;
નથી અમારે બંદી થાવું, કેદ કારમી આ તો જી.'
ગરીબ બાપડું બોલ્યું પંખી, પિંજરનું રહેનારજીઃ
'હાય હાય! હું કેમ છૂટી નિકળું બ્હારજી?'

૨.

વનવગડાનું પંખી ગાતું, બેઠું બેઠું બહારજી
વનવગડાનાં મીઠાં ગીતડાં, ફરી ફરી લલકારજી.
પિંજરમાં રહેનારૂં પંખી, પઢે પઢાવ્યા બોલજી;
જાત એક પણ ભેદ અહા શો ભાષામાં અણુતોલજી!
વનનું પંખી બોલ્યુંઃ 'પિંજરના ઓ પંખી ભાઇજી!
વનવગડાનાં જરા આજ તું બતાવ ગીતડાં ગાઇજી.'

પાંજરાનું પંખી બોલ્યુંઃ ' વનના પંખી વહાલાંજી !
શીખે તો શીખવાડું ગીતો પિંજરનાં રઢિયાળાંજી.'
વનવગડાનું પંખી કહેઃ ' ના, કોણ શીખે તે એવુંજી,
પઢ્યું બીજાનું પઢ પઢ કરવું, બોટ્યું ભોજન લેવુંજી. '
ગરીબ બિચારું બોલ્યું પંખી, પિંજરનું રહેનારજીઃ
' હાય હાય ! હું વનનાં ગીતો કેમ ગાઈ શકનારજી ! '

૩.

વનવગડાનું પંખી બોલ્યુંઃ ' શી શોભા આકાશજી !
ઘનશ્યામ શામળિયા જેવું, નહિ નામે તંગાશજી ! '
પાંજરાનું પંખી બોલ્યુંઃ ' પિંજરના જો તારજી–
ચોગમ કેવા બાંધી લીધા ? બીક નહિ તલભારજી. '

વનનું પંખી બોલ્યુંઃ ' ભાઈ ! છોડ પાંજરું તારુંજી;
મેઘ ફરે ત્યાં આપણ ફરીએ, એ સુખ અતિશે સારુંજી.'
પાંજરાનું પંખી બોલ્યુંઃ ' સુખ સાચું પિંજરમાંજી;
પાપી પીડે નહિ પારધી; આવ ભાઈ મુજ ઘરમાંજી. '
વનવગડાનું પંખી બોલ્યુંઃ ' ના ભાઈ, તારો પાડજી;
વિશાળ વાદળ ક્યાં ત્યાં ફરવા ? ક્યાં ત્યાં લીલાં ઝાડજી ! '
ગરીબ બાપડું બોલ્યું પંખી પિંજરનું રહેનારજીઃ
' હાય ! થાકીને પગ ટેકવ્યાનો ક્યાં નભમાં આધારજી ! '

૪.

આ રીતે એ બે પંખીજન પૂરાં પ્રેમીજનજી.
વ્હાલ વડે ત્યાં સરીઆમાંથી ચાંચે ચાંચ લગાડેજી,

નહિ બોલે નહિ ચાલે, કેવળ નજરે નજર નિહાળેજી.
કોઈ કોઈનું કહ્યું ન સમજે, મનમાં બહુ મૂંઝાયજી;
પોતાના મન કેરી વાતો–તે પણ નવ સમજાયજી.
રહી રહીને વળી ફફડાવે પાંખો ઘડીએ ઘડીએજી;
દીન વદન કરી કહેઃ 'આવ હજી હને, આવ હજી, હજીએજી.'
વનવગડાનું પંખી કહેઃ 'ના હવે ન આવું આધુંજી;
કોક ક્યાંક પકડી પૂરી દે; તુંજ આવ, હું માગુંજી.'
ગરીબ બાપડું બોલ્યું પંખી પિંજરનું રહેનારજીઃ
'નબળી પાંખે કેમ ઉડાશે ! હાય હાય લાચારજી !'

(નવજીવન) જુગતરામ દવે.

ભગિનીસમાજ પત્રિકામાળા.

પત્રિકા નં.	નામ.	લેખકનું નામ.	કિંમત.
* ૧	સ્ત્રી શિક્ષણ. ...	સૌ. શારદા મહેતા બી. એ.	૦—૧—૦
* ૨	શ્રી ગોખલેજીનો જીવન સંદેશ.	મહાત્મા મો. ક. ગાંધી. ...	૦—૧—૦
* ૩	સ્ત્રીઓની પદવી....	રા. ડાહ્યાભાઈ પટેલ.	૦—૧—૦
૪	પ્રો. કર્વેનું ચરિત્ર...	સૌ. વિદ્યાગૌરી બી. એ.	૦—૧—૦
* ૫—૧૨	બાળ રક્ષણ. ...	મિસિસ જી. કે. ઉપાધ્યાય.	૦—૮—૦
*૧૩—૧૫	શરીર અને ગૃહ શૃગાંર.	સૌ. શારદા મહેતા બી. એ.	૦—૩—૦
૧૬	સ્ત્રીઓ અને જાહેર જીવન	રા. કેશવ પ્રસાદ દેશાઈ બી. એ.	૦—૧—૦
૧૭	સ્ત્રીઓના સમય અને સાધનનો સદુપયોગ.	,,	,, ૦—૧—૦
૧૮	સેવા ભગિની નીવેદિતા.	રા. સાકરલાલ દવે. બી. એ.	૦—૧—૦
૨૦	પ્રથમ વાર્ષિક સંમેલનનાં પ્રમુખનાં ભાષણો.	સૌ. શારદા મહેતા તથા મિસિસ જહાંગીર પીટીટ	૦—૧—૦
*૨૧	ખગોળ વિજ્ઞાન. ...	રા. કે. એન જોશી. બી. એ.	૦—૧—૦
૨૨	સ્ત્રીઓએ શું વાંચવું. અને કેવી રીતે વાંચવું.	સૌ. વિદ્યાગૌરી બી. એ.	૦—૧—૦
*૨૩—૨૪	સ્ત્રીઓની નવા યુગનીવાતો.	રા. અમૃતલાલ પઢીઆર.	૦—૨—૦
૨૫—૨૬	નવીન પાક શાસ્ત્ર.	,, ,,	૦—૨—૦
*૨૭	સ્ત્રીઓની નવા યુગની વાતો.	,, ,,	૦—૧—૦
૨૮	મિસિસ એની બેસંટ.	રા. માવજી ગોવિંદજી શેઠ	૦—૧—૦
*૨૯—૩૦	મહાત્મા ગાંધીજી.	રા. પી. જી. દેશાઈ	૦—૨—૦
૩૧—૩૩	ગુ. સં. સુ. પ. પરિષદનાં— પ્રમુખનું ભાષણ.	સૌ. શારદા સુમન્ત મહેતા.	૦—૩—૦
૩૪	ભારત વર્ષમાં સ્ત્રી કેળવણી.	શ્રી ગોપાળ કૃષ્ણ ગોખલે.	૦—૧—૦
૩૫—૩૮	બીજો વાર્ષિક વૃત્તાંત અને પ્રમુખનું ભાષણ.	શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી.	૦—૪—૦

પત્રિકા નં.	નામ.	લેખકનું નામ.	કિંમત.
૩૯–૪૦	મહાદેવ ગોવિંદ રાનડે.	શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલે.	૦–૨–૦
૪૧–૪૨	સખીના પત્રો. ...	હરિલાલ માણેકલાલ દેશાઈ	૦–૨–૦
૪૩–૪૮	બાલ શિક્ષણ. ...	મિસિઝ જી. કે. ઉપાધ્યાય.	૦–૬–૦
૪૯–૫૦	ત્રિજો વાર્ષિક વૃતાંત.	કે. જે. ચીતલીયા.	૦–૨–૦
૫૧	કન્યાને પત્રો. પત્ર ૧ લો. ...	એક બ્હેન	૦–૧–૬
૫૨–૫૪	ધર્મ અને જીવન. ...	રા. કેશવપ્રસાદ દેશાઈ.	૦–૩–૦
૫૫–૫૬	ચતુર્થ વાર્ષિક વૃત્તાંત. અને પ્રમુખનું ભાષણ.	સર નારાયણ ચંદાવરકર.	૦–૨–૦
૫૭–૫૮	ગુજરાતના તપસ્વીનો સુવર્ણ મહોત્સવ.	... કે. જે. ચીતલીયા.	૦–૨–૦
૫૯	કાઠીઆવાડમાં દુષ્કાળ કામની ટુંકી હકીકત.	” ”	૦–૧–૦
૬૦	નવાયુગની સાધ્વીયો.	રા. અમૃતલાલ પઢીઆર.	૦–૧–૬
૬૧	કન્યાને પત્રો. પત્ર બીજો.	એક બ્હેન.	૦–૧–૬
૬૨	પાંચમો વાર્ષિક વૃતાંત અને ગોખલેજી સંબંધિ ભાષણ.	પ્રોફેસર બી. કે. ઠાકોર	૦–૧–૦
૬૩–૬૫	કન્યાને પત્રો–પત્ર. ૩–૪–૫	એક બ્હેન.	૦–૩–૦
૬૬	મહાત્મા ગાંધીજીની ૫૩ મી જયન્તી. ...	...	૦–૧–૦
૬૭–૬૮	એશિયાનો પ્રભાતકાળ	... ‘નવજીવન’ ...	૦–૨–૦
૬૯–૭૪	**સ્ત્રીઓ અને સમાજ સેવા:—**		૦–૮–૦
	સ્ત્રીઓ સ્વતંત્ર છે !	ભોગેન્દ્રરાવ ર. દીવેટીયા.	
	ગૃહ સેવા કે દેશ સેવા ?	” ”	
	તન–મન–ધન–સેવા !	” ”	
	ગરીબો પ્રત્યેની ફરજ.	” ”	
	વિધવા પ્રત્યેની ફરજ.	” ”	
	અનાથ અશક્તની સેવા.	” ”	
	સંસ્થાઓ અને સહકાર.	” ”	
	જાહેર જીવન અને સ્ત્રીઓ.	” ”	
	ઉપસંહાર.	” ”	
	પ્રસ્તાવના.	લેખક—**ગાંધીજી.**	

પત્રિકા માટે લખો:—ભગિની સમાજ મંદિર, મુંબઈ. ૪

૩ાનીવાળી પત્રિકાઓ સીલકમાં નથી.

Printed by C. S. Deole, at the Bombay Vaibhav Press,
Servants of India Society's Building,
Sandhurst Road, Bombay.

Published by K. J. Chitalia Secretary Bhagini Samaj
Servants of India Society's Building,
Sandhurst Road, Bombay.